અગાશીને કઠેડો હોય,
ભેખડ ને નહીં, ભેખડની
ધાર પર તો વિવેક એ જ
કઠેડો
- અમૃતબિંદુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૧ | ૨૧ જુલાઇ, ૨૦૧૪, સોમવાર; અષાઢ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં વાવણીનો આરંભ

**ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો ખુશખુશાલ : વરસાદના નવા દોરથી દુષ્કાળના વાદળો દૂર થયા : જુદા જુદા પાકના ઉત્પાદનને લઇને પણ નવી આશા જાગી છે**

અમદાવાદ, તા.૨૦

વરસાદના નવેસરના દોરના કારણે દુષ્કાળના વાદળો ટળી ગયા છે. આ ઉપરાંત અમદાવાદના ગ્રામીણ વિસ્તારોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. વાવણીની પ્રક્રિયા તીવ્ર રીતે શરૂ થઇ ચુકી છે. છેલ્લા કેટલાક દિવસથી કાળઝાળ ગરમીની સાથે સાથે દુષ્કાળના વાદળો પણ ઘેરાયેલા હતા પરંતુ હવે વરસાદના પરિણામ સ્વરુપે દુષ્કાળનો ખતરો ટળી ગયો છે. કૃષિ સાથે સંબંધિત પ્રવૃત્તિ તીવ્ર બની છે. ગ્રામીમ અમદાવાદમાં વાવણીમાં ખેડૂતો લાગી ગયા છે. અમદાવાદ શહેરમાં એક બાજુ વરસાદી માહોલથી લોકો વરસાદની મજા માણી રહ્યા છે ત્યારે બીજી બાજુ ગ્રામીણ વિસ્તારમાં કૃષિ પ્રવૃત્તિ તીવ્ર બની ગઈ છે. અમદાવાદની સાથે સાથે ગુજરાતમાં પણ વરસાદના આંકડા હવે ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. દરેક ક્ષેત્રમાં રિકવરી જોવા મળી રહી છે. શહેરી પ્રવાહની વાત કરવામાં આવે તો અમદાવાદમાં સરેરાશ સિઝનલ વરસાદ ૭૭૨ મીમી રહે છે જેની સામે ૧૯મી જુલાઈ સુધી ૫૩.૮૮ મીમી વરસાદ નોંધાયો છે. બીજી બાજુ પ્રદેશમાં કચ્છમાં સરેરાશ સિઝનલ ૩૮૭ મીમી સામે હજુ ઓછો વરસાદ નોંધાયો છે પરંતુ ધીમે ધીમે સ્થિતિમાં સુધારો થયો છે.



લાંબી રાહ જોવડાવ્યા બાદ અંતે મેઘરાજા મન મુકીને વરસ્યા છે. રાજ્યમાં વાવણી લાયક વરસાદ થતાની સાથે જ ધરતીપુત્રો પણ હવે વાવણીના કામમાં જોતરાયા છે. હસ્તા મોઢે વાવણીની શરૂઆત કરનાર ખેડૂતોના હૈયે સારા વર્ષની બંધાયેલ આશા જણાઈ આવે છે.

## NEWS બિટ્સ

**ગુજરાતના તમામ નાટયગૃહો વાતાનુકુલિત બનાવાશે**

ગુજરાતમાં કલા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ બીડું ઝડપ્યું છે. આ યોજના દ્વારા ગુજરાતમાં જયાં સરકાર દ્વારા અથવા સ્થાનિક સ્વરાજયની સંસ્થા દ્વારા નાટયગૃહનું નિર્માણ થયું હોય પરંતુ એરકન્ડીશન સુવિધા ન હોય ત્યાં એરકન્ડીશન સુવિધા આપવાની યોજના વિચારાઈ છે.

**દુનિયાની પાંચમાંથી એક વ્યકિત માત્ર રૂ. ૮૦માં ગુજરાન ચલાવે છે**

સંયુકત રાષ્ટ્રસંઘના ૨૦૧૪ના એક રીપોર્ટમાં જાણવા મળ્યું છે કે વિકસીત રાષ્ટ્રોમાં હજુ પાંચમાંથી એક વ્યકિત માત્ર રૂ. ૬૦ થી રૂ. ૮૦માં તેમનું ગુજરાન ચલાવે છે. આ રાષ્ટ્રોમાં પૈસા કમાવવાનું બીજું કોઈ સાધન ન હોવાથી આ સ્થિતિ પેદા થઈ છે. હાલમાં ભારતમાં ત્રીજા ભાગના ગરીબ લોકો વસે છે ચીને બે દાયકા અગાઉ ગરીબી ઘટાડવાના અસરકારક પગલાં લેતા ત્યાં ગરીબીનું પ્રમાણ ૬૦થી ૧૨ ટકા કરી શકાયું છે.

**ભારતમાં સૌથી વધુ ગરીબો**

તાજેતરમાં કરવામાં આવેલા એક સર્વેમાં ગરીબી અંગે ચોંકાવનારી વિગતો પ્રાપ્ત થઈ છે. આ સર્વે અનુસાર સૌથી વધુ ગરીબો હોવાની એક યાદીમાં ભારત ટોચ પર છે. વિશ્વના તમામ ગરીબ લોકોના ૩૨.૯ ટકા હિસ્સો ભારતમાં રહે છે. જેનો રેશીયો ચીન-નાઈજીરિયા-બાંગ્લાદેશના રેશિયાથી પણ વધુ છે. ભારતમાં બાળ મત્યુ દર પણ વધારે છે. ૨૦૧૨માં ૧૪ લાખ બાળકોના મોત ૫ વર્ષની ઉંમર પહેલા જ થયા હતા.

**ગુજરાતમાં મોબાઈલ ધારકોની સંખ્યા ૪.૬૭ કરોડે પહોંચી**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં માર્ચ ૨૦૧૪ પછી ટેલિકોમ યુઝર્સની સંખ્યામાં જોવાયેલી પીછેહઠને જૂન મહિનામાં બ્રેક લાગી છે. માત્ર બ્રેક જ લાગી જ એવું નથી પણ સૌથી ઝડપી યુઝર્સ વધ્યા હોવાનું ટકાવારી સૂચવતાં હતા. રાજ્યમાં કુલ મોબાઈલ ટેલિકોમ યુઝર્સની સંખ્યા જૂનને અંતે ૬.૮ લાખ વધીને ૪.૬૭ કરોડની હતી. પ્રાઈવેટ સેલ્યુલર ઓપરેટર એસોસિયેશન ઓફ ઈન્ડિયા (કોઈ)ના જણાવ્યા પ્રમાણે જૂનમાં ગુજરાતમાં યુઝર્સનો ગ્રોથ ૧.૪૭ ટકાનો નોંધાયો હતો જે પશ્ચિમ બંગાળના ૧.૫૮ ટકા પછી બીજા સ્થાને ગણાય.

# શાકભાજીના ભાવો આસમાને

**શાકભાજીમાં ૩૦ થી ૪૦ ટકાનો વધારો થતા ગૃહિણીઓમાં આક્રોશ**



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર સહિત રાજયભરમાં શાકભાજીના ભાવો આકાશને આંબી રહ્યા છે. પરિણામે ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયું છે તો બીજી તરફ ગરીબોની થાળીમાંથી શાકભાજી ગાયબ થઈ રહી છે. દૂધ-કોઠળ બાદ રોજીંદી જરૂરીયાતના લીલા શાકભાજીમાં એકાએક રૂ. ૨૦ થી ૩૦ સુધીનો ભાવ વધારો ઝીંકાતા ગૃહિણીની મુંઝવણમાં વધારો કરી દીધો છે. શાકભાજીમાં ભાવ વધારો થતા મધ્યમવર્ગની સ્થિતિ એક સાંધે ને તેર તુટે તેવી થઈ ગઈ છે.

મેઘરાજા મોડા પધારતા સામાન્ય માણસનું જીવન જીવવું કઠીન થઈ પડ્યું છે. જગતના તાતનો આધાર ચોમાસા ઉપર અને નાગરિકોનો જગતના તાત પર ત્યારે આ મુશ્કેલીમાં

● અનુસંધાન પાન-૭ પર

**શાકભાજીના હાલના ભાવો**

| | |
|---|---|
| ડુંગળી | ૩૦ થી ૪૦ |
| બટાકા | ૩૦ થી ૪૦ |
| ટામેટા | ૭૦ થી ૧૦૦ |
| ટિંડોળા | ૫૦ થી ૬૦ |
| કોબીજ | ૩૦ થી ૪૦ |
| લીંબુ | ૪૦ થી ૫૦ |
| કારેલા | ૫૦ થી ૬૦ |
| ભીંડા | ૪૦ થી ૫૦ |
| ચોળી | ૫૦ થી ૭૦ |
| મરચા | ૫૦ થી ૭૦ |
| વાલોળ | ૭૦ થી ૮૦ |
| આદુ | ૧૫૦ થી ૧૬૦ |
| મેથી | ૮૦ થી ૧૦૦ |
| રીંગણ | ૨૦ થી ૩૦ |

# છેલ્લા બે દિવસમાં મનપાએ ૩૦ હજારનો દંડ વસુલ્યો

**રવિવારની રજાના દિવસે કમિશનરે સફાઈના મુદ્દે રાઉન્ડ લીધો, સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈનું અભિયાન હવે હાથ ધરાશે**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાએ છેલ્લા બે દિવસમાં જ સ્વચ્છતાના મુદ્દે રૂ. ૩૦ હજાર જેટલી દંડનીય વસુલાત કરી છે.

આજે રવિવારની રજા હોવા છતાં મહાનગરપાલિકાના કમિશનરશ્રી જી. આર. ચૌધરીએ ઘ-૫, સે. ૨૧, સે. ૨૨ સહિત કેટલાક વિસ્તારોમાં રાઉન્ડ લઈ સ્વચ્છતા અભિયાનની ચકાસણી કરીહતી. તેમણે આજે રાઉન્ડ દરમ્યાન જ કેટલીક જગ્યા પર ગંદકી જણાતાં અને સ્વચ્છતા માટેની કોઈ વ્યવસ્થા નહિ કરાઈ હોવાથી દંડનીય કાર્યવાહી કરવા માટેની સૂચનાઓ આપી હતી.

જેને પગલે કોર્પોરેશનના અધિકારીઓએ આ વિસ્તારોમાં આજે દંડનીય કાર્યવાહી કરી રૂ. ૫ હજારની વસુલાત કરી છે. મળતી વિગતો પ્રમાણે ગઈકાલે શહેરમાં સ્વચ્છતાના મુદ્દે ૨૫ હજાર રૂ.ની વસુલાત દંડ પેટે કરી હતી. આમ બે દિવસ દરમ્યાન રૂ. ૩૦ હજાર જેટલી વસુલાત કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન માટે અલગ કોર્પોરેશન

**ફંડ અને અમલીકરણની જવાબદારી રહેશે : અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પર અપેક્ષિત ખર્ચ ૬૦૦૦૦ કરોડ રહેશે પીપીપી મારફતે જ પ્રોજેકટ આગળ વધશે**

નવી દિલ્હી,તા. ૧૯

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનની દિશામાં ઝડપી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. બજેટમાં જાહેરાત કરવામાં આવ્યા બાદ તમામ સંબંધિત પાસા પર ઝડપી ચર્ચા ચાલી રહી છે. હવે રેલવેના સુત્રોએ કહ્યું છે કે મુંબઈથી અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવા માટેના પ્રોજેક્ટને અમલી બનાવવા અને ફંડ પર નજર રાખવા તેમજ વ્યવસ્થા કરવા માટે એક અલગ જ કોર્પોરેશનની રચના કરવામાં આવનાર છે. સુત્રોએ કહ્યું હતું કે વેસ્ટર્ન રેલવેના જનરલ મેનેજર હેમંત કુમારે કહ્યું છે કે હાઈ સ્પીડ ટ્રેનની દિશામાં આગળ વધતા પહેતા વ્યાપક અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. વેસ્ટર્ન રેલવે અમલીકરણમાં મદદરૂપ થવા માટે એક અલગ કોર્પોરેશનની રચના કરશે. ટ્રેનને દોડાવવાના તમામ પાસા પર વધુ વિચારણા કરાશે. કેન્દ્રિય રેલવે પ્રધાન ડી. સદાનંદ ગૌડાએ બજેટ રજૂ કરતી વેળા મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન શરૂ કરવાની જાહેરાત કરી હતી. ત્યારબાદથી નવા નવા અહેવાલો આવી રહ્યા છે. કુમારે કહ્યું હતું કે મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનને લઈને અમે ગંભીર છીએ. અર્ધ હાઈ સ્પીડ ટ્રેન પણ દોડાવવામાં આવનાર છે. જેની ગતિ ૧૬૦-૨૦૦ કિમીની રહેશે.જો કે બુલેટ ટ્રેન માટે નવા માળખાની જરૂર રહેશે. ફિઝિબિલિટી અભ્યાસ પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. જુલાઈ ૨૦૧૫ સુધીમાં અહેવાલ સોંપી દેવાય તેવી શકયતા છે.

● અનુસંધાન પાન-૭ પર

# રખડતા પશુધન અને દબાણની સમસ્યા સંકલન સમિતિમાં ચમકી

**અસરકારક વ્યૂહરચના તૈયાર કરવા તંત્રને કલેક્ટરની તાકીદ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરની સમસ્યા ગઈકાલે જિલ્લા સંકલન સમિતિમાં ચમકી હતી અને આ અંગે અસરકારક કામગીરી કરવામાં આવે તેવી તીવ્ર લાગણી ધારાસભ્ય શ્રી અશોક પટેલે વ્યક્ત કરી હતી.

શ્રી અશોક પટેલે દબાણ અને રખડતા પશુઓની સમસ્યાનો મુદ્દો ઉપસ્થિત કરી તંત્રના અધિકારીઓને અસરકારક કામગીરી કરવા માટેનો આગ્રહ કર્યો હતો.

તેમણે સેક્ટરોમાં વધતી જતી ઝુંપટપટ્ટી તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં પણ વધતા જતા દબાણોનો મુદ્દો ગંભીર બની ઉભરે તે પહેલાં જ તેને નાથવા માટે અસરકારક વ્યુહરચના સાથે આગળ વધવા માટે તંત્રને આગ્રહ કર્યો હતો.



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર શહેરમાં માર્ગ-અકસ્માતનું કારણ માર્ગો પર રાત્રીના સમયે છોડી મુકવામાં આવતા પશુઓ વધુ હોવાનું પણ જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે પણ આ બાબતને અતિ ગંભીરતાથી લઈ તંત્રને એક સપ્તાહમાં જ આખી વ્યુહરચના તૈયાર કરી રજુ કરવા માટેના આદેશો આપ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે કલેક્ટરશ્રી રવિશંકરે શહેરમાં ભાડે અપાયેલા મકાનોમાં ગેરકાયદે નિવાસ કરતા લોકો તેમજ તંત્રને ભાડુઆતની જાણ નહિ કરનાર મકાન માલિકોને શોધી કાઢવા માટે પણ ખાસ ઝુંબેશ હાથ ધરવા પોલીસના અધિકારીઓને જણાવ્યું હતું.

શહેરમાં વધતા જતા ચોરીના બનાવો નાથવા માટે પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવવા પર પણ ભાર મુકવામાં આવ્યો હતો. સંકલન સમિતિની બેઠકમાં જિલ્લા કલેક્ટરોની કામગીરીની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

# આજે શંકરસિંહ વાઘેલા ૭૫ મા વર્ષમાં પ્રવેશ કરશે

**દુષ્કાળની સ્થિતિ હોવાથી જન્મદિવસની ઉજવણી નહિ કરે**

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને વિધાનસભા વિપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલાનો આજે જન્મદિવસ છે. તેઓ આજે ૭૫મા વર્ષમાં પ્રવેશ કરશે.



તેઓ આ વખતે દુષ્કાળની સ્થિતિ હોવાને કારણે 'વસંત વગડા' ખાતે લોકો સાથે શુભેચ્છાની આપ-લે કરશે નહિ પરંતુ પોતાના શુભેચ્છકો અને સ્નેહીજનોને વિધાનસભા ખાતે બપોરે ૧ થી ૩ દરમ્યાન મળશે.

રાજ્યમાં વરસાદ જે રીતે ખેંચાયો છે તેને ધ્યાને રાખી શ્રી વાઘેલાએ જન્મદિવસની ઉજવણી રદ કરવાનો નિર્ણય લીધો હતો. શ્રી વાઘેલા ગાંધીનગર જિલ્લાના વાસન ગામના વતની છે. વૈજનાથ મહાદેવ ખાતે સવારે દર્શન માટે જવાના છે. તેઓ વૈજનાથ મહાદેવ ટ્રસ્ટના પ્રમુખ પણ છે. શ્રી વાઘેલા ૭૫મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. તેઓ સાહિત્ય, લોકસાહિત્ય ઉપરાંત વાંચન અને પ્રવાસ તેમજ રમતગમતનો વિશેષ શોખ ધરાવે છે.




Sleek®
THE KITCHEN SPECIALIST

Sleek's innovative storage ideas
created more space in my kitchen



Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740

સચિવાલય ડેટા ઓપરેટર (કલાર્ક)
✓ તલાટી ✓ કલાર્ક ✓ કોન્સ્ટેબલ માં



ટૂંક સમયમાં
15000+ થી
વધુની ભરતી (વર્ગ-૩ માટે)

| મહેસાણા | | |
|---|---|---|
| બેચ શરૂ તા. | બેચનો સમય | ભણવાના દિવસ |
| 30.07.2014 | બપોરના 2-00 થી 3-30 | રવિ થી ગુરૂ |
| ગાંધીનગર | | |
| 28.07.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |

ફક્ત ₹ 11,000/- (F)
ફી ₹ 14,000/- (M)
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
ધો.૧૨ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા

ધો.12 પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા ઊમેદવારો માટે...
રવિવારની રજાનો સદઉપયોગ કરી ગુજરાત સરકારમાં નોકરી મેળવો!
પ્રવેશ ચાલુ તા. 17.07.2014 થી 24.07.2014
વર્ગ શરૂ થવાની તા. 03.08.2014 ગુરૂવાર
ભણવાનો સમય ➜ સવારના 9 થી 12-30 / બપોરના 1 થી 4-30
ભણવાનો દિવસ ફક્ત રવિવાર | 40 અઠવાડિયા / 12 માસ નો કોર્ષ | ફી માત્ર ₹ 4000/- (માસિક)

જીવનદીપ કોર્ષ-2014
» ગુજરાતી વ્યાકરણ / સાહિત્ય
» ગાણિતીક અભિવ્યક્તિ » અંગ્રેજી વ્યાકરણ
» બુદ્ધિચાતુર્ય કસોટી » સ્પોકન અંગ્રેજી
» સામાન્ય જ્ઞાન » ઈન્ટરવ્યું ટેકનીક

TCCI EDUCATION PVT. LTD.

ગાંધીનગર-9537614606
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 3.00 થી 5.30)

મહેસાણા - 9537614607
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી 4)

પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.